# ૧૧ માસના કરાર પદ્ધતિથી ભરતી કરવા બાબત

કોર્પોરેશન પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ અંતર્ગત નીચે જણાવેલ સ્ટાફની જગ્યાઓ તદન હંગામી ધોરણે ૧૧ માસ કરાર આધારિત ભરવા તથા તેની પ્રતિક્ષાયાદી બનાવવા સદરહુ જાહેરાત આપવામાં આવેલ છે. માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૦૬/૦૯/૨૦૨૪ થી તા.૧૩/૦૯/૨૦૨૪ સુધીમાં સાંજના ૦૬:૦૦ કલાક સુધી આરોગ્યસાથી સોફ્ટવેરની લિંક https://arogyasathi.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

ઉપરોક્ત પોસ્ટ માટેની જરૂરી લાયકાત ઉંમર અંગેની સ્પષ્ટતા ઉચ્ચક માસિક વેતન તથા અનુભવ અંગેની સ્પષ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ અને સંખ્યા | લાયકાત | કયા ડોકયુમેન્ટ ઓનલાઇન અપલોડ કરવા/મંગાવવા | વય મર્યાદા | પગાર પ્રતિ માસ (રૂ.) (ફિક્સ) |
|---|---|---|---|---|---|
| ૧ | મેડીકલ ઓફીસર-MBBS<br>(તમામ પ્રોગ્રામ) | ૧. રાજયના ધારા ધોરણો મુજબ ઉમેદવારે MBBS પાસ કરેલ હોવુ જોઇએ.<br>૨. ઉમેદવારે ગુજરાત મેડીકલ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરેલ હોવુ જોઇએ.<br>૩ ઉમેદવાર ગુજરાતી/હિન્દી /અંગ્રેજી ભાષાનો જાણકાર હોવો જોઈએ. | ૧. ઉંમર અંગે પ્રમાણપત્ર (Leaving Certificate / Adhar card / Pan Card / Birth Certificate / Election Card ... etc )<br>૨.એચ.એસ.સી. માર્કશીટ (HSC Mark sheet)<br>૩ એચ.એસ.સી.એટેમ્પ સર્ટી (HSC Attempt Certificate )<br>૪. MBBS છેલ્લા વર્ષની તમામ માર્કશીટ જો ટ્રાયલ હોય તો એક PDF કરવી (MBBS Last Year/Last Mark sheet)<br>૫. MBBS ડીગ્રી સર્ટીફીકેટ (Degree Certificate)<br>૬. MBBS રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ<br>૭. MBBS ટ્રાયલ સર્ટીફીકેટ | ૬૨ વર્ષ સુધી | ૭૫,૦૦૦/- ફિક્સ |
| ૨ | સ્ટાફ નર્સ<br>(તમામ પ્રોગ્રામ) | ૧. ઉમેદવારે ભારતીય નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી B.Sc (નર્સિંગ) પાસ કરેલ હોવું જોઇએ અથવા ઉમેદવારે ભારતીય નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી ડિપ્લોમા જનરલ નર્સિંગ અને મિડવાઇફરી પાસ કરેલ હોવુ જોઇએ<br>૨. ઉમેદવારે ગુજરાતનર્સિંગ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરેલ હોવું જોઇએ.<br>માન્ય સંસ્થામાંથી CCC/CCC+ લેવલનો કોમ્પ્યુટર કોર્ષ કરેલ હોવો જોઈએ. | ૧. ઉમર અંગે પ્રમાણપત્ર ( Leaving Certificate / Adharcard / Pan Card / Birth Certificate / Election Card ... etc )<br>૨. એચ.એસ.સી. માર્કશીટ, ટ્રાયલ હોય તો તમામ માર્કશીટ એટેચ કરવી( HSC Marksheet)<br>૩. એચ.એસ.સી.ટ્રાયલ સર્ટી (HSC Attempt Certificate )<br>૪. નર્સિંગ/મીડવાઇફરી પાસ કર્યા અંગેના પ્રમાણપત્રો/જો ટ્રાયલ હોય તો તમામ માર્કશીટ સામેલ કરવી.<br>૫. ગુજરાતનર્સિંગ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશનનું પ્રમાણપત્ર.<br>૬. અનુભવ સર્ટીફીકેટ ( Experience Certificate ) ( તમામ અનુભવના પ્રમાણપત્રોની એક PDF ફાઈલ બનાવી અપલોડ કરવાની રહેશે )<br>૭. CCC/CCC+ લેવલનો કોમ્પ્યુટર કોર્ષનુ પ્રમાણપત્ર. | ૪૫ વર્ષ સુધી | ૨૦,૦૦૦/- ફિક્સ |
| ૩ | ફિમેલ હેલ્થ વર્કર<br>(તમામ પ્રોગ્રામ) | (૧) એ.એન.એમ/ફિમેલ હેલ્થ વર્કરનો કોર્ષ ઇન્ડીયન નર્સિંગ કાઉન્સીલ દ્વારા માન્યતા મળેલ કોલેજમાંથી પાસ કરેલ હોવું જોઇએ.<br>(૨) ઉમેદવારે ગુજરાત નર્સિંગ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન કરેલુ હોવુ જોઇએ<br>(૩) ઉમેદવાર ગુજરાતી/હિન્દી /અંગ્રેજી ભાષાનો જાણકાર હોવો જોઇએ.<br>(૪) ભારતનો રહેવાસી હોવો જોઇએ.<br>(૫) માન્ય સંસ્થામાંથી CCC/CCC+ લેવલનો કોમ્પ્યુટર કોર્ષ કરેલ હોવો જોઇએ. | ૧. ઉમર અંગે પ્રમાણપત્ર ( Leaving Certificate / Adharcard / Pan Card / Birth Certificate / Election Card ... etc )<br>૨. એચ.એસ.સી. માર્કશીટ, ટ્રાયલ હોય તો તમામ માર્કશીટ એટેચ કરવી( HSC Marksheet)<br>૩. એચ.એસ.સી.ટ્રાયલ સર્ટી (HSC Attempt Certificate )<br>૪. એ.એન.એમ/ફિમેલ હેલ્થ વર્કરની માર્કશીટ/જો ટ્રાયલ હોય તો તમામની એક PDF એટેચ કરવી)<br>૫. ગુજરાત નર્સિંગ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન સર્ટી<br>૬. CCC/CCC+ લેવલનો કોમ્પ્યુટર કોર્ષનુ પ્રમાણપત્ર.<br>૫. અનુભવ સર્ટીફીકેટ ( Experience Certificate ) ( તમામ અનુભવના પ્રમાણપત્રોની એક PDF ફાઈલ બનાવી અપલોડ કરવાની રહેશે ) | ૪૫ વર્ષ સુધી | ૧૫,૦૦૦/- ફિક્સ |

**શરતો અને નિયમ:**

૧. આ જગ્યાઓ ફક્ત ૧૧ માસ કરાર આધારિત છે. ૧૧ માસ બાદ કરાર આધારિત જગ્યાઓનો આપોઆપ અંત આવશે. કાયમી નોકરી માટેનો હક્કદાવો કરી શકશે નહી.

૨. નિમણુંક પામેલ ઉમેદવારોની અન્ય જિલ્લામાં બદલી થઇ શકશે નહી.

૩. ઉમેદવારની ફક્ત ઓનલાઈન લિંક https://arogyasathi.gujarat.gov.in પર મળેલ અરજીઓ જ સ્વીકારવામાં આવશે. આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ/ ટપાલ/ કુરીયર થી મળેલ કે અપૂરી વિગતો વાળી અરજી અમાન્ય ગણાશે.

૩. જાહેરાતમાં દર્શાવેલ લાયકાત મુજબના તમામ સાધનિક કાગળો અપલોડ કરવાના રહેશે. અપૂરી માહિતી કે ક્ષતીવાળી અરજીઓ માન્ય ગણવામાં આવશે નહી.

૪. સુવાચ્ય અસલ પ્રમાણપત્રની ફોટોકોપી સોફ્ટવેરમાં ફરજીયાત અપલોડ કરવાની રહેશે.

૫. રસ ધરાવતાં ઉમેદવારો એ તા.૦૬/૦૯/૨૦૨૪ થી તા.૧૩/૦૯/૨૦૨૪ સાંજે ૦૬:૦૦ કલાક સુધી ઉપર જણાવેલ લીંકમાં અરજી કરવાની રહેશે.

૬. વય મર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ વયમર્યાદાની ગણતરી કરવામાં આવશે. એટલે કે તમામ ઉમેદવારોના કિસ્સામાં વય મર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ તા.૧૩/૦૯/૨૦૨૪ ની સ્થિતી ને ધ્યાને લેવામાં આવશે.

૭. આયુષ્માન આરોગ્ય મંદિરનો સમય સવારે ૦૯.૦૦ કલાકે થી બપોર ૧.૦૦ સુધી અને સાંજે ૫.૦૦ કલાકથી રાત્રે ૯.૦૦ કલાક સુધીનો રહેશે.

૮. નિમણૂંક અંગેનો આખરી નિર્ણય અર્બન હેલ્થ સોસાયટી અને નેશનલ હેલ્થ મિશનની પ્રવર્તમાન શરતોને આધીન રહેશે.

**સભ્ય સચિવ-વ- મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ગાંધીનગર મહાનગરપાલિકા**

(માહિતી/૯૨૨/૨૦૨૪-૨૫)